# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈશ્વર ગુલામ યુસફને માન આપે છે




લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : M. Maillot; Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : M. Maillot; Sarah S.



60 વાર્તા 8

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



*પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.*


ગુજરાતી

Gujarati

યુસફને તેના પહેલા માલિક પોટીફાર દ્વારા ખોટી રીતે જેલમાં નાંખવામાં આવ્યો હતો. જેલમાં પણ યુસફ આજ્ઞાધિન અને મદદરૂપ હતો. જેલના દરોગાએ તેને જેલનું જીવન સુવ્યવસ્થિત કરવા માટે વિશ્વાસપૂર્વક નિમણૂંક કરી હતી. ઈશ્વર યુસફની સંઘાતે હોઈ, દરેક વ્યક્તિ માટે જેલ એક સારી જગ્યા બની ચૂકી હતી.



1

રાજાના ભઠિયારાને અને પાત્રવાહકને જેલમાં નાંખવામાં આવ્યા હતાં. “તમે કેમ ખૂબ જ નિરાશ દેખાઓ છો?”



2


એક દિવસે યૂસફે તેમને પૂછ્યું. “અમારા સ્વપ્નનો અર્થ કોઈ બતાવી શકે તેમ નથી,” દુ:ખી પુરુષોએ જવાબ આપ્યો. “ઈશ્વર તે કરી શકે છે!” યૂસફે જવાબ દીધો. “તમારા સ્વપ્નોમને બતાવો.”
3
“તારા સ્વપ્નનો અર્થ એ છે કે ત્રણ દિવસમાં તને રાજાની હજૂરમાં પાછો લઈ જવાશે અને તને ફારૂન રાજાની મહેર પ્રાપ્ત થશે.”
4
યૂસફે પાત્રવાહકને કહ્યું, “મને યાદ રાખજે અને મની અહીંથી છોડાવજે” ભઠિયારાના સ્વપ્નનો અર્થ તેના માટે ખરાબ સમાચાર હતાં. “ત્રણ દિવસમાં તું મૃત્યુ પામીશ” યૂસફે જવાબ વાળ્યો. બંને સ્વપ્નો સાચા ડ્યાં.
5
એક દિવસ ફારૂન રાજા ઊંઘમાંથી એકાએક જાગી ઉઠ્યો, તે દિવસ સુધી પાત્રવાહક યુસફ વિશે ભૂલી ગયો હતો. “મને એક સ્વપ્ન આવ્યું હતું” તેણે હાંક મારી. પણ રાજાના એક પણ બુદ્ધિમાન માણસો તેનો અર્થ કરી શક્યા નહિં. ત્યારે પાત્રવાહકને યૂસફ વિશે યાદ આવી. તેણે ફારૂન રાજાને તેના વિશે માહિતી આપી.
6
ફારૂને યૂસફને તરત તેડી મંગાવ્યો. “તમારૂ સ્વપ્ન ઈશ્વર તરફનો એક સંદેશ છે.” યૂસફે રાજાને કહ્યું, “મિસરમાં સાત વર્ષ પુષ્કળ આબાદી આવશે, ત્યારબાદ સાત વર્ષ ભયંકર દુકાળ પડશે.”
7
“આ આબાદીના સાત વર્ષો દરમ્યાન અનાજનો સંગ્રહ કરો.” યૂસફે ફારૂનને સલાહ આપી. “નહિંતર દુકાળમાં લોકો ભૂખે મરી જશે.” ઈશ્વર તારી સાથે છે. ફારૂને જવાબ દીધો. “તું મિસર દેશનો પ્રધાન બનશે, તું મારી પછીનો બીજો વ્યક્તિ હોઈશ.”
8


આબાદીના સાત વર્ષ આવ્યા. ત્યારબાદ દુકાળના સાત વર્ષ આવ્યા. મિસર
વગર આખી દુનિયામાં આકરો દુષ્કાળ હતો, ફક્ત મિસરમાં પુષ્કળ અનાજ
હતું, કારણ કે તેઓએ બુદ્ધિથી તેનો સંગ્રહ કર્યો હતો. યુસફ પોતાના
વતનથી ખૂબ જ દૂર હતો. જ્યાં યાકૂબનું કુટુંબ ભૂખે
મરતું હતું.
9


દુનિયાના દરેક દેશના લોકો મિસર દેશમાં અનાજ ખરીદવા માટે
ગયા. “તમે પણ જાઓ.” યાકૂબે તેના પુત્રોને આજ્ઞા આપી,
“નહિંતર આપણે ભૂખે મરી જઈશું”
મિસરમાં આવીને, આ
દિકરાઓ અનાજ
ખરીદવાની
તૈયારી કરી.
10


યાકૂબના પુત્રો પ્રભુતા ધરાવતા એ વ્યક્તિ આગળ
નમી પડ્યાં. તેઓએ પોતાના ભાઈ યૂસફને
ઓળખ્યો નહિં. પણ યૂસફે તેમને ઓળખી લીધા.
યુસફને તેનું નાનપણનું સ્વપ્ન યાદ આવ્યું. ઈશ્વરે
તેને તેના ભાઈઓ કરતાં ઊંચો કર્યો હતો.
11


યુસફ ખૂબજ બુદ્ધિમાન હતો. તેણે તેમની
સાથે કઠોર વર્તન કર્યું અને તેમના ભાઈ
સીમીયોનને જામીન પર રાખ્યો.
12


“તમે આ અનાજ લઈને તમારા ઘરે જાઓ
અને તમારા નાના ભાઈને લઈને આવો.”
તેણે હુકમ કર્યો. ત્યારબાદ હું જાણીશ
કે તમે જાસૂસ નથી.
13


તેના ભાઈઓ વિચારવા લાગ્યા કે
તેમણે તેમના ભાઈને ગુલામ તરીકે
વેચી દીધો હોવાથી ઈશ્વર તેમને
શિક્ષા કરી રહ્યો હતો.
14


યાકૂબ અને તેના દીકરા ગૂંચવણમાં મૂકાઈ ગયા. “અમારા પૈસા તેણે અમને અમારી ગુણોમાં પાછા આપ્યા છે, અને તેણે કહ્યું છે કે અમારે બિન્યામીનને તેની પાસે ખચીત લઈ જવાનો છે.”
15


પણ યાકૂબ બિન્યામીનને જવા દેવા માંગતો ન હતો. હવે અનાજ પૂરું થઈ ગયું હતું. આ ભાઈઓને ફરી મિસર જવું પડ્યું. બિન્યામીન પણ તેમની સાથે ગયો.
16


જ્યારે યુસફે બિન્યામીનને જોયો ત્યારે તેણે તેના ચાકરોને એક મોટી મિજબાની તૈયાર કરવા માટે હુકમ કર્યો. ત્યાર બાદ બધા ભાઈઓને નિમંત્રણ આપ્યું. “શું તમારો બાપ જીવે છે અને મજામાં છે?” યૂસફે પ્રશ્ન પૂછ્યો. કદાચ તે વિચારતો હશે કે તેઓ કેવી રીતે પોતાના આખા કુટુંબને ભેગા લાવી શકે.
17


યુસફ પોતે પણ જાણવા માંગતો હતો કે તેના ભાઈઓ તેમણે કરેલા તેમના ભૂતકાળના પાપ વિશે દિલગીર છે કે કેમ. જમણ પછી તેને તેમને ચોરી કરવા માટે આરોપ મૂક્યો.
“તમને શિક્ષા કરવા માટે હું બિન્યામીનને મારા ગુલામ તરીકે રાખીશ,” યૂસફે કહ્યું.
18


“મારા માલિક તમે મારું જીવન લો” યહૂદાએ ભીખ માંગી. યુસફ જાણી ગયો કે યહૂદા જેણે તેને વેચવા માટે સલાહ આપી હતી તે ખરેખર બદલાઈ ગયો હતો.
19


હવે તે પોતાનો પ્રેમ પોતાના કુટુંબથી છુપાવી શક્યો નહિં. તેણે બધા મિસરીઓને બહાર મોકલી દીધા.
ત્યારબાદ તે રુદન કરવા લાગ્યો.
20













ઈશ્વર ગુલામ યુસફને માન આપે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ઉત્પત્તિ ૩૯-૪૫

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.